# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ ૪૨૫ -૧ તારીખ : ૩૦-૦૩-૨૦૨૪

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
ગોંડલ દરવાજા મસ્જીદ (મદીના મસ્જીદ)-
(થ્રુ ટ્રસ્ટી અફઝલ ઈબ્રાહીમભાઈ સુન્નીવોરા), ઠે. આંબલી શેરી, વોરા વાસ,
મું. પો. : જેતપુર, તા. : જેતપુર, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૩૭૦
મોબાઈલ : ૯૮૯૮૧૯૮૭૮૬

વિષય : RGPU માંથી NRGP કરવાની નોટીસ સામે વાંધા અરજી બાબત.
સંદર્ભ: આપશ્રીની રજુઆત તા.૧૯-૦૨-૨૦૨૪. (અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-૦૪/૨૦૨૩-૨૪)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) માનનીય મહાપ્રબંધકશ્રી (નાણા અને હિસાબ), પીજીવીસીએલ, નિગમિત કચેરી, રાજકોટ
- આપ સાહેબશ્રીની સાદર જાણ સારૂ.

(૨) અધિક્ષક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જેતપુર

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૪) નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, જેતપુર શહેર

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૨/ક્વા-૪/૨૩-૨૪/૪૨૫-૧ તા.૩૦-૦૩-૨૦૨૪

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૪/ક્વા-૪/૨૩-૨૪, તા.૨૧-૦૨-૨૦૨૪

અરજદાર : ગોંડલ દરવાજા મસ્જીદ (મદીના મસ્જીદ), ગામ: જેતપુર

રજૂઆત કરનાર : સુન્નીવોરા અફઝલભાઈ ઈબ્રાહીમભાઈ અને સુન્નીવોરા મજીદ વલીમોહમદ

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જેતપુર

રજૂઆત કરનાર : શ્રી એસ.જી.ઠુંમર કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી- જેતપુર

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી પી.જે.મહેતા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: : ૨૦.૦૩.૨૦૨૪ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦.૦૩.૨૦૨૪ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર મદીના મસ્જીદ, જેતપુર ધાર્મિક ટ્રસ્ટ નં. બી-૭૬, રાજકોટ તા.૨૮.૦૮.૧૯૬૨ થી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ-૧૯૫૦ હેઠળ નોધાયેલ ટ્રસ્ટ છે. હાલ વકફ બોર્ડમાં ધાર્મિક હેતુ માટેનું નોંધાયેલ ટ્રસ્ટ છે, જેમાં અફઝલભાઈ ઇબાહીમભાઈ સુનીવોરા ટ્રસ્ટી તરીકે જણાવેલ છે.

૨.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓ ગ્રાહક નં.૩૩૨૦૨/૧૧૪૨૭/૧ થી વીજજોડાણ ધરાવે છે, જે બાબતે પીજીવીસીએલ દ્વારા પત્ર નં.JT/REV/AUDIT 2020-21/1898 તા.૨૭.૪.૨૦૨૩ થી ઘરવપરાશ (RGPU) થી NRGP કેટેગરી પ્રમાણે થતાં બીલના તફાવતની રકમ રૂ.૨૫૮૬૮=૩૦ ભરપાઈ કરવા ટેરીફ ચેન્જ અને ઓડીટ રીકવરીની નોટીસ આપેલ, ત્યારબાદ નવા ટેરીફ મુજબ આપેલ બીલની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ગ્રાહક નંબર | વીજબીલની તારીખ | બીલની રકમ |
|---|---|---|---|
| ૧ | ૩૩૨૦૨/૧૧૪૨૭/૧ | ૨૦-૦૪-૨૩ | રૂ.૨૮૮૬૮/- |
| ૨ | ૩૩૨૦૨/૧૧૪૨૭/૧ | ૨૧-૦૮-૨૩ | રૂ.૩૪૯૩૮/- |
| ૩ | ૩૩૨૦૨/૧૧૪૨૭/૧ | ૧૪-૧૦-૨૩ | રૂ.૩૪૯૩૮/- |

૨.૨ અરજદાર મુજબ તેઓને ઉપરોક્ત બીલોના તફાવતની રકમ ભરવા પાત્ર થતી નથી, તેમજ અરજદાર પબ્લિક ટ્રસ્ટ હોય તેમજ ટ્રસ્ટનો હેતુ ધંધો કરવાનો નથી. તેમછતાં પીજીવીસીએલ દ્વારા વીજજોડાણમાં NRGP કેટેગરી હેઠળ નોટીસ આપવામાં આવેલ છે અને સદર બાબતે રજુઆત કરતા પીજીવીસીએલ દ્વારા દરકાર કરેલ નથી અને નોટીસ ચાલુ રાખેલ છે જેથી અરજદારે અરજી કરવાની ફરજ પડેલ છે.

૨.3 સદર મસ્જીદ ટ્રસ્ટ હેઠળ આવેલ મિલ્કત કાર્ડ મુજબ સીટી સર્વે શીટ નં.૨૮, સીટી સર્વે નં.૧૩૦૪, ચો.મી.૩૨૭-૨૩ તથા સીટી સર્વે નં.૧૩૧૨, ચો.મી.૩૪૯-૨૫ માં સતા પ્રકાર: એફ, જે ધર્માદા/વકફ અને ઈત્તર ધર્માદા સંસ્થાઓ માટે આપેલ જમીન છે.

૨.૪ અરજદાર દ્વારા સદર મિલકતકાર્ડ મુજબ ટ્રસ્ટની જમીન ધર્માદા સંસ્થા માટેના હેતુની હોવાથી સામેવાળા દ્વારા આપેલ નોટીસ રદ કરવા તેમજ ભરેલ રકમ પરત આપવા અને વીજબીલમાં ધર્માદા ટ્રસ્ટ માટે લાગુ પડતા ટેરીફ મુજબ બીલ બનાવવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકારની લેખિત રજૂઆત મુજબ ગોંડલ દરવાજા મસ્જીદમાં ગ્રાહક નં – ૩૩૨૦૨/૧૧૪૨૭/૧ થી ૦.૫ કીવોનું RGPU કેટેગરી હેઠળનું વીજજોડાણ તા.૦૧-૦૮-૨૦૦૬ થી ધરાવે છે.

3.૧ વર્ષ-૨૦૨૦-૨૧ ના ઓડીટ દરમ્યાન NRGP ટેરીફ મુજબ બીલ વસુલ કરવા ઓડીટ રીપોર્ટમાં જણાવેલ તેના અનુસંધાને પીજીવીસીએલ કચેરીના પત્ર નં – ૧૮૯૮ તા.૨૭-04-૨023 થી RGPU માંથી NRGP ટેરીફ મુજબ બીલના તફાવતની રકમ રૂ.૨૫૮૬૮=30 ભરપાઈ કરવા જણાવેલ તેમજ ટેરીફ ચેન્જ માટેના જરૂરી દસ્તાવેજો સાથે દિવસ-૧૦ માં અરજી કરવા જણાવેલ.

3.૨ ફરિયાદી ગ્રાહકનાં ઉપરોક્ત વીજજોડાણનું RGPU TARIFF મુજબ બિલિંગ થતું હોય, વર્ષ ૨૦૨૦-૨૦૨૧ નાં ઓડિટ રિપોર્ટનાં Para No. 1.12 (A) મુજબ સદર વીજજોડાણોનું NRGP ટેરિફમાં બિલિંગ થવું જોઈએ, જે બાબતની માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૦ થી માહે જુન-જુલાઈ-૨૦૨૨ સુધીની tariff change ની recovery propose કરેલ છે.

3.3 ફરિયાદી ગ્રાહકની રજૂઆત છે કે તેઓનું ટ્રસ્ટ NO. B-76, રાજકોટ તા.૨૮.૦૮.૧૯૬૨ થી BOMBAY PUBLIC TRUST –1950 હેઠળ હાલવકફ બોર્ડમાં નોંધાયેલ ટ્રસ્ટ છે, જેથી અત્રેની કચેરીની રજૂઆત છે કે તેઓનું ઉપરોક્ત વીજજોડાણનું બિલિંગ GLP (ટ્રસ્ટની નોંધણીનો દાખલો રજૂ કર્યે) ટેરિફ મુજબ થવું જોઈએ અથવા NRGP ટેરિફ મુજબ થવું જોઈએ.

સદર ઉપરોક્ત વીજજોડાણ એલ.ટી. બિલિંગ સિસ્ટમ મુજબ તા.૦૧.૦૮.૨૦૦૬ ની તારીખથી આપવામાં આવેલ છે. જ્યારે GLP કેટેગરીનો ટેરિફ તા.૦૧.૧૦.૨૦૧૧ થી અમલમાં આવેલ છે. ગ્રાહકે વીજજોડાણ મેળવેલ ત્યારે તથા તા.૦૧.૧૦.૨૦૧૧ (GLP Tariff અસરમાં આવ્યા) બાદ થી હાલ સુધી તેઓનું ટ્રસ્ટ ચેરિટિ કમિશ્નરમાં નોંધાયેલ ટ્રસ્ટ છે તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો રજૂઆત સાથે પેટાવિભાગીય કચેરીને રજૂ કરેલ નથી. GLP TARIFF ને સંલગ્ન દસ્તાવેજી પુરાવાઓનાં અભાવે ઉપરોક્ત રિકવરી ઓડિટ ટીમ દ્વારા NRGP Tariff મુજબ દરખાસ્ત કરવામાં આવેલ છે.

અરજદાર દ્વારા સદર વીજજોડાણ ઘણાં વર્ષો પહેલા માંગવામાં આવેલ હોય, વીજજોડાણ સંલગ્ન દસ્તાવેજો હાલ ઉપલબ્ધ ન હોય. તેમજ સદર વિવાદીતની નકલ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ નથી, અને સદર બાબત ફોરમમાં પડતર હોવાથી અરજદારના વીજજોડાણનું બિલીંગ RGPU ટેરીફ મુજબજ કરવામાં આવે છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારની રજુઆત મુજબ પેટાવિભાગીય કચેરી જેતપુર શહેર હેઠળ ગ્રાહક નં. ૩૩૨૦૨/૧૧૪૨૭/૧ થી ૧.૦ કીવો નું RGPU કેટેગરી હેઠળનું વીજજોડાણ ધરાવે છે. પીજીવીસીએલ દ્વારા તા.૨૭.૦૪.૨૦૨૩ ના રોજ સદર મસ્જીદમા ટેરીફ ચેન્જની નોટીસ આવેલ છે પણ આ ટ્રસ્ટનો હેતુ ધંધો કરવાનો નથી, તેમ છતા સદર વીજજોડાણમાં NRGP હેઠળ નોટીસ આવેલ છે જેમા તફાવતની રકમ રૂ.૨૫૮૬૮=30 ભરપાઈ કરવા જણાવેલ છે, જે બાબતે સંલગ્ન કચેરીમાં રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા, અરજદાર દ્વારા સદર વીજજોડાણ પબ્લિક ટ્રસ્ટ હેઠળ આવતું હોય, તેનો હેતુ ધંધો કરવાનો નથી, જેથી સદર વિવાદિત બીલ રદ કરવા ભરેલ રકમ બાદ આપવા અને ધર્માદા ટ્રસ્ટ મુજબ બીલ આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલની રજૂઆત મુજબ તેઓ ગોંડલ દરવાજા મસ્જીદ ગ્રાહક નં ૩૩૨૦૨/૧૧૪૨૭/૧ થી **RGPU** કેટેગરીનું વીજજોડાણ જેતપુર શહેર પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવતા હતા, જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ નું ઓડીટ પીજીવીસીએલની ઇન્ટરનલ ઓડીટ ટીમ દ્વારા તા.૨૧.૧૧.૨૦૨૨ થી તા.30.૧૧.૨૦૨૨ દ્વારા કરવામાં આવેલ જે અન્વયે પત્ર નં. **SEJND/IA&I-Audit/163 Dt:03.12.2022** ના રીપોર્ટ મુજબ સામેવાળા દ્વારા અરજદારના વીજજોડાણ ગ્રાહક નં - ૩૩૨૦૨/૧૧૪૨૭/૧, ગોંડલ દરવાજા મસ્જીદના નામે વીજજોડાણમાં પીજીવીસીએલની ઓડીટ ટીમ દ્વારા રજુ કરેલ એનેક્ષર-**R** નો અભ્યાસ કરતા માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૦ થી માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૨૨ સુધીનું લાગુ પડતા ટેરીફ ચેન્જ અન્વયે બીલના તફાવતની રકમ રૂ.૨૫૮૬૮=30 વસુલવાની થાય છે, જેની જાણકારી અરજદારને પીજીવીસીએલના પત્ર તા.૨૭-૦૪-૨૦૨૩ થી લેખિતમાં જાણ કરેલ છે, જે રકમ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ નથી.

૪.3 As per new tariff published by GERC, in case No. 1102/2011 dated 06.09.2011, Respondent has issued circular No. PGVCL/Reg. Cell/T-6666 dated 16.09.2011 under subject revision of retail tariff effective from 01.09.2011. Revision of tariff structure as issued is as under:

| Sr. | Existing nomenclature | Revised nomenclature |
|---|---|---|
| 01 | LFD-I Urban | RGP |
| 02 | LFD-I Rural | RGP-Rural |
| 03 | LFD-III and LTP-II categories applicable for educational and other institutions registered with Charity Commissioner and R&D laboratories are merged into one category | GLP |
| 04 | LFD-II, LTP-1, LTP-II (institutions not registered with the Charity Commissioner).<br>All existing consumers presently being billed under LFD-II or LTP-I or LTP-II (Institutions not registered with the Charity Commissioner) and having contracted demand up to 40 KW. | Non-RGP |

૪.૪ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલના ઇન્ટરનલ ઓડીટ ટીમ દ્વારા કરાયેલ અવલોકન મુજબ વીજબીલમાં મસ્જીદ તરીકે વીજબિલમાં ગ્રાહકનું નામ મસ્જીદ નોધાયેલ હોવાથી ઘરવપરાશના ટેરીફને બદલે કોમર્શિયલ ટેરીફ લાગુ પડવો જોઇએ તે મુજબની ઓડીટ રીકવરી ઉપરોક્ત મુદા નં. ૪.૨ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર પાસે વીજજોડાણ રીલીઝ થયા બાદ ઉપલબ્ધ વીજવપરાશના ડેટા પ્રમાણે ઓડીટ રીકવરી પ્રપોઝ કરેલ છે જેની જાણ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને લેખિત પત્ર તા.૨૭-૦૪-૨૦૨૩ થી કરેલ છે.

૪.૫ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદારની રજૂઆત મુજબ તેઓની સંસ્થા મદીના મસ્જીદ, જેતપુર ધાર્મિક ટ્રસ્ટ નં. બી-૭૬, રાજકોટ તા.૨૮.૦૮.૧૯૬૨ થી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ-૧૯૫૦ હેઠળ નોધાયેલ ટ્રસ્ટ છે. હાલ વકફ બોર્ડમાં ધાર્મિક હેતુ માટેનું નોંધાયેલ ટ્રસ્ટ છે, જેથી GLP ટેરીફ કરવાની રજૂઆત કરેલ જે અનુસંધાને અરજદાર દ્વારા જરૂરી આધાર-પુરાવા સાથે પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં અરજી કર્યેથી નિયમાધીન કાર્યવાહી હાથ ધરવા પીજીવીસીએલ પક્ષકારને જાણ કરવામાં આવે છે, તેમજ સદર ટેરીફ ચેન્જની અરજી મંજુર થયા બાદ અરજદારના બિલીંગ ખાતામાં મંજુર થયા તારીખથી અસરકર્તા ગણી શકાય.

૪.૬ સપ્લાયકોડના નોટીફીકેશન નં – ૬.૮૪ મુજબ "કોઇપણ ગ્રાહક પાસે ચુકવણીમાં કસુરને કારણે બાકી નીકળતી રકમ – આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૦૨ વર્ષની મૂદત પછી વસુલવા પાત્ર થશે નહિ - સિવાય કે આવી રકમ અધિનિયમ ની કલમ – ૫૬ અનુસાર પૂરી પડેલી વીજળી માટે ખર્ચની બાકીની રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં સદર કેસમાં ઇન્ટરનલ ઓડીટ રીપોર્ટ તા.૦૩-૧૨-૨૦૨૨ થી નાયબ ઇજનેર શહેર પેટાવિભાગીય કચેરીને મોકલાવેલ છે, ત્યારબાદ સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને ઓડીટ રીપોર્ટ અન્વયે પુરવણીબીલ તા.૨૭-૦૪-૨૦૨૩ થી જાણ કરેલ છે, જે કાર્યવાહી પીજીવીસીએલ દ્વારા વિલંબિત કરેલ છે, જે ખુબજ ગંભીર બાબત જણાય છે. તેમજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સ્થળ પર મીટરરીડીંગ લઇને નિયમિત વીજબીલ આપવામાં આવે છે. તેમ છતાં, પીજીવીસીએલના સંલગ્ન કર્મચારીઓ દ્વારા સદર ટેરીફ અન્વયે કોઈ અવલોકનો આપેલા હોય તેનો રેકોર્ડ ફોરમ સમક્ષ રજુ કરેલ નથી, જે ગંભીર બાબત જણાય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા ઉપરોક્ત મુદા નં.૪.૨ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અપાયેલ ટેરીફ ચેન્જના તફાવત રીકવરીની રકમ માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૧૦ થી માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૨૨ સુધીનુ આપેલ છે તે રદ કરીને સપ્લાયકોડના નોટીફીકેશન નં – ૬.૮૪ મુજબ છેલ્લા ૦૨ વર્ષ ના ટેરીફ ચેન્જના તફાવતની રકમ નિયમ અનુસાર વસુલવાપાત્ર થતી હોય માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૦ થી માહે જુલાઈ-ઓગષ્ટ-૨૦૨૨ સુધીના સમયગાળાનું બીલ અને માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૨ થી અને હાલના છેલ્લા બિલીંગ સુધીના બીલો NRGP ટેરીફ મુજબ લાગુ પડતા ચાર્જીસ મુજબ વિગતવાર ગણતરીપત્રક સાથે દિવસ-૧૦માં અત્રેના ફોરમની જાણકારી હેઠળ રીવાઈઝ કરવા અને બિલીંગ સીસ્ટમમાં લાગુ પડતા ટેરીફ મુજબ સુધારો કરવાનો રહેશે, જો સદર વિવાદિત રકમ પર વિલંબિત ચાર્જની આકારણી કરેલ હોય તો તે રદ કરવાની પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

વધુમાં અરજદારને NRGP ટેરીફ માંથી GLP ટેરીફમાં કરવા અંગેની માહિતી ફોરમ દ્વારા અપાયેલ છે, તે મુજબની કાર્યવાહીમાં અરજદારને જરૂર જણાયે યોગ્ય માર્ગદર્શન અને સહકાર આપવા પીજીવીસીએલ પક્ષકારને સૂચિત કરવામાં આવે છે.

તદઉપરાંત, ટેરીફ ચેન્જ અન્વયે ઉપરોક્ત અવલોકનો ધ્યાનમાં લેતા ભવિષ્યમાં સદર પ્રકારની ભૂલનું પુનરાવર્તનનું ન થાય તે માટે પીજીવીસીએલની નિગમિત કચેરી / વર્તુળ કચેરી / વિભાગીય કચેરી / પેટાવિભાગીય કચેરી દ્વારા સમયાંતરે લાગુ પડતા ટેરીફ બાબતે સબંધક કર્મચારીઓને માર્ગદર્શન આપવા અને ટેરીફ મુજબ બીલ ન બનતું હોય, તેના અવલોકનો મીટર રીડર દ્વારા આપવા જોઈએ, અને તેનો નિકાલ સમયસર કચેરી દ્વારા કરવો જોઈએ જેથી સદર પ્રકારની ફરિયાદ ઉપસ્થિત થાય નહિ.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.જે.મહેતા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot